# ત્રિમાસિક કસોટી – ૨૦૨૬

## ધોરણ – ૪ : પર્યાવરણ (આસપાસ)

**સમય : ૨ કલાક** **કુલ ગુણ : ૪૦**

| વિદ્યાર્થીનું નામ : ______________________ | રોલ નં. : ________ | તારીખ : ________ | શાળાનું નામ : __________________ |
| --- | --- | --- | --- |

## પ્રશ્ન – ૧ : હેતુલક્ષી પ્રશ્નો – ૧૫ ગુણ

અધ્યયન નિષ્પત્તિ EV410 : પોતાના અવલોકનો, અનુભવો, વસ્તુઓ, પ્રવૃત્તિઓ અને મુલાકાત લીધેલ સ્થળો અંગે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ/ઘટનાઓ અંગે આગાહી કરે છે. પ્રશ્નબેંકમાં મુસાફરી, રેલવે સ્ટેશન, સલામતી અને પ્રવાસની નોંધ સંબંધિત પ્રશ્નો છે.

**૧(અ) નીચેના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. ( ૧૦ ગુણ)**

1. વૃદ્ધો, દિવ્યાંગો કે બીમાર વ્યક્તિઓને એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ પર લઈ જવા માટે કઈ આધુનિક સુવિધા ઉપયોગી છે? (A) સાદી સીડીઓ (B) લિફ્ટ અને એસ્કેલેટર (C) માત્ર બેસવાની બેંચ (D) માત્ર રેલવે ટ્રેક

જવાબ : ____________________________

2. મુસાફરી દરમિયાન કિંમતી સામાન અને રોકડ માટે કઈ સાવચેતી રાખવી જોઈએ?

(A) બધું એક જ બેગમાં રાખવું (B) જરૂર પૂરતી રોકડ રાખી કિંમતી સામાન પોતાની સાથે રાખવો (C) રોકડ ખુલ્લી રાખવી (D) સામાન ગમે ત્યાં મૂકી દેવો

જવાબ : ____________________________

3. અજાણ્યા સ્થળે મુસાફરી કરતી વખતે ભોજન અને પાણી અંગે શું ધ્યાન રાખવું?

(A) ગમે ત્યાંથી ખાવું (B) પ્રમાણિત/સીલબંધ પાણી અને સ્વચ્છ જગ્યાનું ભોજન લેવું (C) અજાણ્યા વ્યક્તિનું ખાવું-પીવું લેવું (D) પાણી પીવું જ નહીં

જવાબ : ____________________________

4. ટ્રેનના ડબ્બામાં સામાનની સુરક્ષા માટે શું કરવું યોગ્ય છે?

(A) સામાન ખુલ્લો મૂકવો (B) ચેઇન કે લોક વડે સીટ સાથે બાંધી રાખવો (C) બીજા મુસાફરોને સોંપવો (D) દરવાજા પાસે મૂકવો

જવાબ : ____________________________

5. રેલવે સ્ટેશન પર ટ્રેન આવતી વખતે પ્લેટફોર્મ પર ધક્કામુક્કી કરવાથી શું થઈ શકે?

(A) અકસ્માત થઈ શકે (B) કોઈ અસર નહીં (C) મુસાફરી ઝડપી થાય (D) ટ્રેન ઊભી રહે નહીં

જવાબ : ____________________________

6. કચ્છનું પ્રવેશદ્વાર કયો પુલ ગણાય છે? (A) સાબરમતી પુલ (B) સુરજબારી પુલ (C) ગોલ્ડન બ્રિજ (D) રાણી પુલ

જવાબ : ____________________________

7. મુસાફરીની યાદો સાચવવા માટે શું કરશો?

(A) માત્ર ખરીદી (B) ડ્રાઇવર સાથે વાત (C) ડાયરી લખવી તથા ફોટા/વિડિયો લેવા (D) નવી રમત રમવી

જવાબ : ___________________________

8. મુસાફરીની ટિકિટ ચકાસવાનું કામ કોણ કરે છે? (A) ડ્રાઇવર (B) ટી.ટી.ઈ. (C) કુલી (D) પોલીસ

જવાબ : ___________________________

9. જે રેલવે સ્ટેશનથી બે કરતાં વધુ રેલવે માર્ગ છૂટા પડતા હોય તેને શું કહેવાય? (A) પ્લેટફોર્મ (B) જંકશન (C) ટર્મિનસ (D) વેઇટિંગ રૂમ

જવાબ : ___________________________

10. રણમાં મીઠાના અગર બનાવી મીઠું પકવનારને શું કહેવાય? (A) અગરિયો (B) ખેડૂત (C) માછીમાર (D) વેપારી

જવાબ : ___________________________

**૧(બ) યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (૫ × ૧ = ૫ ગુણ)**

1. ટ્રેનમાં મુસાફરોની ટિકિટ ચકાસવાનું _________ કામ કરે છે. (ટી.ટી.ઈ., ડ્રાઇવર, કુલી)

2. બે કરતાં વધુ રેલવે માર્ગ છૂટા પડતા સ્ટેશનને _________ કહે છે. (જંકશન, પ્લેટફોર્મ, ટર્મિનસ)

3. સૂરજબારી પુલ _________ નું પ્રવેશદ્વાર ગણાય છે. (કચ્છ, અમદાવાદ, રાજકોટ)

4. ટ્રેન જ્યારેઆવી ત્યારે લાલ રંગનું કપડુંવાળો _________ સામાન ઉપાડતો હતો. (કુલી, પોલીસ, ડ્રાઇવર)

5. ટ્રેનની ટિકિટ ઓનલાઈન અથવા રેલવે સ્ટેશનના _________ પરથી મળે છે. (બુકિંગ કાઉન્ટર, પ્લેટફોર્મ, વેઇટિંગ રૂમ)

## પ્રશ્ન – ૨ : સાચું-ખોટું / જોડકાં / વર્ગીકરણ / મને ઓળખો – ૧૨ ગુણ

અધ્યયન નિષ્પત્તિ EV414 : જોઈ-અનુભવેલી શાળા, પરિવાર અને જાહેર સ્થળોની પરિસ્થિતિઓમાં સમાનતા, ભેદભાવ, બાળ અધિકારો અને સલામતી અંગે યોગ્ય અભિપ્રાય આપે છે. EV404 : વિવિધ બાબતો વચ્ચે યોગ્ય સંબંધ/જોડાણ કરે છે. EV402 : લક્ષણોના આધારે વર્ગીકરણ કરે છે. EV408 : ઉખાણા/વર્ણન પરથી વસ્તુ કે સ્થળ ઓળખે છે.

**૨(અ) વિધાનની સામે ખરું (✓) કે ખોટું (×) લખો. (૩ × ૧ = ૩ ગુણ)**

1. આર્થિક રીતે નબળા પરિવારનાં બાળકોને પણ શાળામાં સમાન આદર અને શિક્ષણ મેળવવાનો હક છે. (   )

2. શાળામાં માત્ર છોકરાઓને જ રમતગમતના મેદાનનો ઉપયોગ કરવા દેવો યોગ્ય છે. (   )

3. બાળકોને નાની ઉંમરે હોટલ, ગેરેજ કે કારખાનામાં કામે રાખવું યોગ્ય છે. (   )

**૨(બ) જોડકાં જોડો. (૩ × ૧ = ૩ ગુણ)**

| વિભાગ 'અ' | જવાબ | વિભાગ 'બ' |
|---|---|---|
| 1. સૂરજબારી પુલ | | A. કચ્છનું પ્રવેશદ્વાર |
| 2. રેલવે જંકશન સ્ટેશન | | B. બે કરતાં વધુ માર્ગ છૂટા પડે |
| 3. સફેદ ચાદર જેવું રણ | | C. કચ્છનું નાનું રણ |

**૨(ક) વર્ગીકરણ કરો. (૩ × ૧ = ૩ ગુણ)**

નીચેની બાબતોને ‘ભૂતકાળમાં થતી ક્રિયા’ અને ‘અત્યારના સમયમાં થતી ક્રિયા’માં ગોઠવો :

દૂત દ્વારા સંદેશ મોકલવો, ઘોડાગાડીમાં મુસાફરી કરવી, મોબાઇલ દ્વારા વાતચીત કરવી, મેટ્રોમાં મુસાફરી કરવી, વિમાનમાં મુસાફરી કરવી.

ભૂતકાળ : ______________________________________________

અત્યારનો સમય : __________________________________________

**૨(ડ) મને ઓળખો. (૩ × ૧ = ૩ ગુણ)**

1. હું તાર અને દોરડાથી બનેલો છું અને ટ્રોલીની મદદથી ઉપર-નીચે જવા ઉપયોગી છું. હું કોણ?

જવાબ : ________________________

2. હું બે પૈડાંવાળું અને મનુષ્યના બળથી ચાલતું વાહન છું. હું કોણ?

જવાબ : ________________________

3. હું લોખંડના પાટા પરથી પસાર થતું વાહન છું અને લાંબી મુસાફરી માટે ઉપયોગી છું. હું કોણ?

જવાબ : ________________________

## પ્રશ્ન – ૩ : એક વાક્યમાં જવાબ – ૩ ગુણ

અધ્યયન નિષ્પત્તિ EV412 : દૈનિક જીવન અને આસપાસની પરિસ્થિતિઓ વિશેની માહિતી સમજાવીને ટૂંકા જવાબ આપે છે.

1. તમે કારને બદલે સાયકલનો ઉપયોગ કેમ કરશો?

જવાબ : _____________________________________

2. મુસાફરી દરમિયાન સામાનની સુરક્ષા માટે શું કરશો?

જવાબ : _____________________________________

3. પથરાળ રસ્તા પરથી પસાર થતાં કઈ બાબતની કાળજી રાખવી પડશે?

જવાબ : _____________________________________

## પ્રશ્ન – 3 બ. : બે-ત્રણ વાક્યમાં જવાબ / કારણ આપો – ૬ ગુણ

અધ્યયન નિષ્પત્તિ EV405 : રોજિંદા જીવનમાં ખેતી, બાંધકામ, કલા, હસ્તકલા વગેરે કૌશલ્યોનું વર્ણન કરે છે અને વડીલો પાસેથી મળતા વારસા તથા તાલીમનું મહત્વ સમજે છે. પ્રશ્નબેંકમાં મધમાખી ઉછેર, તાલીમ, ખેતી અને વ્યવસાય સંબંધિત પ્રશ્નો આપવામાં આવ્યા છે.

**નીચેના ૪ પ્રશ્નોમાંથી કોઈપણ ૩ પ્રશ્નોના જવાબ આપો. (૩ × ૨ = ૬ ગુણ)**

1. મધમાખી ઉછેર માટે ઓક્ટોબરથી ડિસેમ્બર મહિનો શ્રેષ્ઠ કેમ ગણાય છે?

__________________________________________________________

__________________________________________________________

2. ખેડૂતો પોતાના ખેતરની આજુબાજુ મધમાખીની પેટીઓ રાખવાનું પસંદ કેમ કરે છે?

3. વ્યવસાય શરૂ કરતાં પહેલાં વડીલોની સલાહ અથવા તાલીમ લેવી કેમ જરૂરી છે?

4. આધુનિક ઓજારો અને તાલીમનો ખેતીમાં ઉપયોગ કરવાથી શું ફાયદો થાય છે?

## પ્રશ્ન – 3 ક : વિસ્તૃત જવાબ / તફાવત – ૪ ગુણ

અધ્યયન નિષ્પત્તિ EV407 : ભૂતકાળ અને વર્તમાનકાળની વસ્તુઓ અને પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત સમજે છે, જેમ કે પરિવહન, ચલણ, રહેઠાણ, સામગ્રી, સાધનો, ખેતી અને બાંધકામ. પ્રશ્નબેંકમાં ભૂતકાળ-વર્તમાનના પરિવહન અને પુલ/સામગ્રી સંબંધિત પ્રશ્નો છે.

**નીચેના બેમાંથી કોઈપણ ૧ પ્રશ્નનો જવાબ આપો. (૧ × ૪ = ૪ ગુણ)**

1. ભૂતકાળ અને વર્તમાન સમયના પરિવહન સાધનો વચ્ચેના તફાવત ચાર મુદ્દામાં લખો. ઉદાહરણ સાથે સમજાવો.

2. પુલ ન હોય તો લોકોને કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે? પુલ બનાવવામાં કઈ કઈ સામગ્રીનો ઉપયોગ થાય છે અને તે કેમ ઉપયોગી છે?

**આચાર્યશ્રીની સહી :** ____________________